### મૃતક પરિવારને યોગ્ય ન્યાય અને સાચા દોષિતોને સજાની માગણી

# બોટાદમાં લઠ્ઠાકાંડ મુદ્દે કોંગ્રેસ દ્વારા ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરાઈ

## બોટાદ જ્યોતિગ્રામ સર્કલ ખાતે પ્રદેશ પ્રમુખની આગેવાનીમાં ધરણા યોજાયા

। બોટાદ ।

બોટાદ જિલ્લામાં તાજેતરમાં સર્જાયેલા લઠ્ઠાકાંડમા જીવ ગુમાવનારના પરિવારજનોને યોગ્ય ન્યાય મળે અને સાચા દોષિતોને સજા મળે તેવી માંગ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોરની આગેવાનીમાં કોંગ્રેસના દ્વારા શહેરના જ્યોતીગ્રામ સર્કલ પાસે આજે શનિવારે બપોરે ધરણા-પ્રદર્શન કર્યા હતા.

આ ધરણા પ્રદર્શન કાર્યક્રમમા કોંગ્રેસના આગેવાનો પરેશભાઈ ધાનાણી, ઋત્વિજ મકવાણા,મનહરભાઈ પટેલ ,નૌશાદ સોલંકી, પ્રતાપ દુધાત રાજેશભાઈ ગોહિલ સહિતના ધારાસભ્યો પણ જોડાયા હતા. ભાજપને આડે હાથ લઈ આકરા પ્રહારો કર્યા હતા.

કાર્યક્રમમાં બોટાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રમેશભાઈ મેર, શહેર પ્રમુખ મુકેશભાઈ મેખીયા, મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના મહિલા કાર્યકરો દ્વારા સરકારને બંગડી અર્પણ કરીને ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરાઈ હતી.


(તસવીર : નવઘણ આલગોતર)

### ભાજપ સરકારમાં બધું જ બે નંબર : જગદીશ ઠાકોર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, ભાજપ સરકારમાં બધું જ બે નંબર છે. ગુજરાતના પોલીસવાળાઓ સોનાની બંગડીઓ બનાવી રહ્યા છે. તેમજ નાના પોલીસ કર્મીઓને માત્ર પાંચ ટકા જ હાથમાં આવે છે. આ સરકારના પાપે આ લઠ્ઠાકાંડમાં ૭૦ જેટલા લોકોની હત્યા ભાજપે કરી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, લમ્પી વાયરસના કારણે કચ્છ જેવા જિલ્લાઓમાં ગાયોના મૃત શરીરના ઢગલા જોવા મળી રહ્યા છે. જે ભાજપ સરકારની નિષ્ક્રિયતા જોવા મળે છે.

### ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર : મનહરભાઈ પટેલ

બોટાદ જિલ્લામા લઠ્ઠાકાંડ મુદ્દે ભાજપને આડે હાથ લેતા કોંગ્રેસ પ્રવક્તા મનહરભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ છે. ૨૪ કલાક ગામડાઓમાં દારૂ વેચાય છે. ભાજપ સરકારે આ લઠ્ઠાકાંડમાં ૭૦ જેટલા લોકોની હત્યા કરેલ છે. આ ઘટનાને લઇ પોલીસની બદલીનો કોઈ વિકલ્પ રહેતો નથી તેમ જણાવ્યું હતું.

### ટૂંક સમયમાં દૂધકાંડ પણ આવે તો નવાઈ નહીં : પરેશ ધાનાણી

આ તકે કોંગ્રેસ અગ્રણી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, ગાંધી અને સરદારના ગુજરાતમાં દેશી અને વિદેશી દારૂ મળે છે. બોટાદ જિલ્લામા લઠ્ઠાકાંડ થયો જે ઘટનાને ઢાંકવા સરકાર કેમિકલકાંડ બનાવી રહી છે. આ સરકારમાં હવે ટૂંક સમયમાં દૂધકાંડ પણ આવે તો નવાઈ નહીં. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ગુજરાતની સ્કૂલ-કોલેજોમાં ડ્રગ્સ જેવા માદક દ્રવ્યોથી વિદ્યાર્થીઓ પરેશાન છે. ગુજરાતી કોલેજોમાં ડ્રગ્સ પણ મળે છે.

**ભાવનગર રાજકોટ રોડ ઉપર આવેલ રાજપરા ગામમાં રામદેવપરના મંદીર પાસે**

# ફોર વ્હીલરમાં ૧૯૦ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો : ત્રણની સામે ફરિયાદ

## ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે રૂ. ૨.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

સિહોરથી ભાવનગર તરફ આવતી સ્વીફ્ટ ડીઝાયર ફોર વ્હીલરમાં દારૂનો જથ્થો હોવાની બાતમી આધારે રોકીને ચેક કરતા રૂપિયા ૭૧,૨૫૦નો દારૂ ઝડપાયો હતો.

ભાવનગર, એલ.સી.બી. સ્ટાફનાં પેટ્રોલીંગમાં હતો એ સમયે દરમ્યાન બાતમી આધારે એક સીલ્વર કલરની સ્વીફ્ટ ડીઝાયર ફોર વ્હીલર ગાડીને ભાવનગર રાજકોટ રોડ ઉપર આવેલ રાજપરા ગામમાં રામદેવપરના મંદીર પાસે ઉભી રાખીને ચેક કરી હતી, જેમાંથી પોલીસે મેકડોવેલ્સ નંબર-૧ ક્લાસીક બ્લેન્ડ વ્હીસ્કી ઓરીજનલ ૭૫૦ ML કાચની કંપની સીલપેક બોટલો નંગ-૧૨ ભરેલ પેટી-૧૦ બોટલ નંગ-૧૨૦ તથા છુટક બોટલ નંગ-૭૦ મળી કુલ બોટલ નંગ-૧૯૦ કિ.રૂ.૭૧,૨૫૦ કબજે કરી હતી, આ સાથે સીલ્વર કલરની સ્વીફ્ટ ડીઝાયર ફોર વ્હીલ કાર કિ.રૂ. ૨,૧૦,૦૦૦, તથા આછા ગુલાબી કલરનો ઓપો કંપનીનો મોબાઈલ ફોન-૦૧ કિ.રૂ.૧૦,૦૦૦ મળી કુલ રૂ.૨,૯૧,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ દારૂના ગુનામાં સંડોવાયેલા મહેશભાઈ ઉર્ફે મયકુ હકાભાઈ મહેતા (ધંધો-ડ્રાયવીંગ રહે.યોગીનગર,લાઠી રોડ, અમરેલી), ભાવેશભાઈ પ્રવિણભાઈ (રહે.વાવડી તા.કુંકાવાવ જી.અમરેલી (ઈંગ્લીશ દારૂ મોકલનાર-પકડવાનાં બાકી) તથા શૈલેષભાઈ જસાભાઈ ખમલ (રહે.નેસડા તા.શિહોર જી. ભાવનગર (ઈંગ્લીશ દારૂ ખરીદનાર-પકડવાનાં બાકી) સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.






**ભાવનગર શહેરમાં વીજ કંપની દ્વારા મરામત કરાશે**

# સોમવારથી ૩ દિવસ અમુક વિસ્તારમાં છ કલાકના કાપથી વીજ પુરવઠો ખોરવાશે

## સ્ટેશન રોડ ફીડર, જવાહર તથા સુભાષનગર ફીડર નીચે પુરવઠો બંધ રહેશે : ૬-૩૦ થી ૧૨-૩૦ સુધી વીજ કાપ રહેશે

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર શહેરના અમુક વિસ્તારોમાં તા.૧લી ઓગષ્ટ સોમવારથી ત્રણ દિવસ સુધી સવારના ૬.૩૦ કલાકથી બપોરના ૧૨.૩૦ કલાક સુધી વીજ પુરવઠો બંધ રખાશે.

વીજ કંપની દ્વારા મરામત કામગીરી કરવા તા. ૧, સોમવારે સ્ટેશન રોડ ફીડર નીચે વડવા તલાવડી, મજુર મહાજનની ઓફિસ, મુળુભાઈના ગેરેજ વાળો વિસ્તાર, વડવા નેરા, હોટલ મોસમ, અલકા ટોકિઝ, ચાવડીગેટના અમુક વિસ્તારમાં કાપ રહેશે. જ્યારે તા. ૨ મંગળવારે સ્ટેશન રોડ ફીડર નીચે જ લોખંડ બજાર, રેલવે ટર્મિનસ, મતવા ચોક, દાણાપિઠ, સુતારવાડ, બેન્ક ઓફ બરોડા શાખા, ગીતા લોજ, સાકર બજાર, સીતારામ ચેમ્બર, સ્ટેશન રોડ તેમજ આજુબાજુના વિસ્તારમાં વીજ કાપ રહેશે. તા. ૨ મંગળવારે જવાહર ફીડર નીચે પણ સવારના ૮થી બપોરના ૧૨ કલાક સુધી ઘોઘા સર્કલથી મેઘાણી સર્કલ રોડ, જૈન ભૂવન પાસે અને એચસીજી સેનેટોરિયમમાં કાપ રહેશે.તા. ૩ બુધવારે સુભાષનગર ફીડર નીચેના આડોડિયાવાસ, તિલકનગર. આનંદનગરમાં નવી એલઆઈજી, આનંદનગર ત્રણ માળિયા, સ્લમ બોર્ડ તિલકનગર સાંઈબાબા સોસાયટી, પટેલ પાર્ક, ટી.વી. રીલે કેન્દ્ર, વૃદ્ધાશ્રમ, મુની દેરી ચોક, તેમજ આજુબાજુના વિસ્તારમાં વીજ પુરવઠો બંધ રહેશે.

**GUJARAT TECHNOLOGICAL UNIVERSITY**
Chandkheda,
Ahmedabad-382424, Gujarat. Phone: 079-23267521 / 70

**Notification for Mid-Year Conferment of Degree/Diploma - 2022**

Mid_Year Conferment of Degree/Diploma - 2022 of Gujarat Technological University is proposed to be done in Aug-Sep-2022, in **Absentia Mode**. All students of GTU who have passed/qualified for Degree/Diploma in **Winter-2021** Examination may apply in the prescribed online form available at University website: **www.gtu.ac.in** in Student Zone under Convocation option or at the Student portal **www.student.gtu.ac.in** under Convocation link. It is required to pay ₹300/- for Diploma, ₹500/- for Under Graduate & Post Graduate and ₹1000/- for Ph.D. through online payment gateway (₹200/- additional if you want to be a member of GTU's Alumni Association). **An Applicant must submit their application form through online mode only through student portal. No hard copy of form or document is required to be submitted at GTU.**

All students will get their certificate by Registered/Speed Post after Mid-Year Conferment of Degree/Diploma - 2022 at their residential address mentioned by the student in the application form. Application form, payment details and other instructions are available on the website.

Date: 29-07-2022 ક્રમાંક/સંમાનિ/અમદ/૭૯૯/૨૦૨૨ Sd/ Registrar

**MODI CAREER ACADEMY**
IIT-JEE | NEET | RE-NEET | FOUNDATION
NEET 2022
EXPECTED RESULT
650+ Marks ⇨ 19
600+ Marks ⇨ 54
RE-NEET Batch Starts
4th August 2022
Jamnagar City Branch 70697 80808
Rajkot City Branch 70690 05245
13km from Rajkot-Ishwariya Boarding 70690 05288
Hostel Facility Available for Boys & Girls

### આ વખતે બચી ગયો હવે સામો મળીશ જાનથી મારી નાખવાની ધમકી

# શેરીમાં બાઈક સ્પિડમાં ચલાવવાનો ઠપકો આપતા ૮ શખસોનો હુમલો

## ભાવનગરના ચિત્રા ફિલ્ટરની ટાંકી પાસે બાઈક રોકીને મારામારી કરાઈ

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર શહેરના ચિત્રા ફિલ્ટરની ટાંકી પાસે બાઈક ચાલકને આતંરીને કેટલાક શખસોએ અગાઉની દાઝ રાખીને હુમલો કરીને મારી નાખવાની ધમકી આપી હતી.

ચિત્રા બેન્ક કોલોનીમાં રહેતા આકાશ ધુધાભાઈ મોરીએ બોરતળાવ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, એકાદ મહિના પૂર્વે જયેશભાઈના માણસોને કહ્યું હતુ કે, અમારી શેરીમાં કેમ ફૂલ સ્પડે મોટર સાઈકલ ચલાવો છે. જે બાબતનો ઠપકો આપતા તેની દાઝ રાખી હતી. તે બાઈક લઈને તેના મિત્રો સાથે તેની બહેનના ઘરે બુધેલ જઈ રહ્યા હતા, એ સમયે ચિત્રા ફિલ્ટર ટાંકી પાસે જયેશ, સમીર અને કાનભા ટાંકીને ઉભા રાખ્યા હતા. અને મનફાવે તે ગાળો આપી હતી. દરમિયાનમાં ઝપાઝપી થઈ હતી, કાનભાએ લોખંડનો પાઈપ માર્યો હતો. દરમિયાનમાં તેના અન્ય મિત્રો પણ દોડી આવ્યા હતા. આ વેળાએ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા.

જેથી તેઓ જતા રહ્યા હતા અને હવે પછી સામે મળ્યો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઝપાઝપીમાં ઈજાગ્રસ્ત આકાશને સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, મારામારી દરમિયાન પોણા બે તોલાનો સોનાનો ચેઈન, રોકડ રૂપિયા ૬૦૦૦, નોકિયાનો સાદો ફોન, સેમસંગ કંપનીનો મોબાઈલ પડી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું હતું. પોલીસે વિવેક ઉર્ફે મોત, અશ્વિન, ભરત, શરદ, હરપાલ, કાનભાઈ ટાંકી, સમીર અને જયેશની સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

**COLLEGE OF SAFETY AND FIRE TECHNOLOGY**
MANAGED BY
**CHAMPABEN BHAGAT EDUCATION TRUST**
**ADMISSION OPEN**
GUJARAT UNIVERSITY AFFILIATED
B.SC. (FIRE & SAFETY)
ELIGIBILITY-12 SCIENCE PASS
COURSE DURATION- THREE YEARS
● G.C.V.T. (ગાંધીનગર) માન્ય ● I.T.I. (ફાયરમેન)
પ્રવેશ લાયકાત ધો.૧૦ અથવા ધો.૧૨ પાસ કોર્ષ સમયગાળો - એક વર્ષ
ચંદ્રેશભાઈ ચોક્સી +91 94287 35034 | +91 63542 98008
કોલેજ સરનામુ: ૮૯, ખોડા, તા.સાણંદ, સાણંદ-વિરમગામ રોડ, જી.અમદાવાદ.

bob World | बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
Azadi Ka Amrit Mahotsav
રજિસ્ટર્ડ કાર્યાલયઃ બરોડા હાઉસ, પીબી નં.506, માંડવી, બરોડા - 390 006
કોર્પોરેટ કાર્યાલયઃ સી-26, જી-બ્લોક, બાંદરા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદરા (પૂર્વ), મુંબઈ - 400 051

**નાણાંકીય પરિણામ Q1 - FY: 2022-23**

ઉપલબ્ધ સેવાઓઃ હોમ લોન | કાર લોન | bob World etrade | Baroda Wealth Management Services | bob World મોબાઈલ બેન્કિંગ એપ | Baroda DigiNext Cash Management Services

### 30 જૂન, 2022ના રોજ પૂરા થયેલ ત્રિમાસીક અન-ઑડિટ સ્ટેન્ડઅલોન /કોન્સોલિડેટેડ નાણાંકીય પરિણામો

(₹ લાખમાં)

| ક્ર. નં. | વિગતો | સ્ટેન્ડઅલોન | | | કોન્સોલિડેટેડ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પૂરા થયેલ ત્રણ માસ | | પૂરા થયેલ વર્ષ | પૂરા થયેલ ત્રણ માસ | | પૂરા થયેલ વર્ષ |
| | | 30.06.2022 | 30.06.2021 | 31.03.2022 | 30.06.2022 | 30.06.2021 | 31.03.2022 |
| | | અન-ઑડિટ | અન-ઑડિટ | ઑડિટ | અન-ઑડિટ | અન-ઑડિટ | ઑડિટ |
| 1 | કામગીરીમાંથી કુલ આવક | 2011952 | 1991583 | 8136473 | 2157676 | 2123798 | 8778019 |
| 2 | ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (કરવેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પહેલાંનો) | 284272 | 159542 | 938644 | 287149 | 161082 | 1000830 |
| 3 | કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | 284272 | 159542 | 938644 | 287149 | 161082 | 1000830 |
| 4 | કરવેરા પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | 216813 | 120863 | 727228 | 194390 | 118654 | 784969 |
| 5 | કુલ વ્યાપક આવક આ સમયગાળા માટે [જેમાં સામેલ છે આ સમયગાળા માટે નફો/(નુકસાન) (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી)] | સંદર્ભ : નોંધ 3 | | | | | |
| 6 | પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી | 103553 | 103553 | 103553 | 103553 | 103553 | 103553 |
| 7 | રિઝર્વ્સ (રિવેલ્યૂએશન રિઝર્વને બાદ કરતાં) | | | 7778738 | | | 8371723 |
| 8 | સિક્યોરિટીઝ પ્રીમિયમ ખાતા | 3131215 | 4236057 | 3131215 | 3143095 | 4251898 | 3143095 |
| 9 | નેટવર્થ | 6364040 | 5605225 | 6129873 | 6805039 | 6078314 | 6587468 |
| 10 | પેઈડ અપ ડેબ્ટ કેપિટલ / બાકી ડેબ્ટ** | 2198751 | 2241350 | 2283750 | 2248795 | 2241350 | 2340352 |
| 11 | બાકી રિડીમેબલ પ્રેફરન્સ શેર્સ | લાગુ પડતું નથી | | | | | |
| 12 | ડેબ્ટ ઈક્વિટી રેશિયો* | 0.48 | 0.55 | 0.53 | 0.52 | 0.58 | 0.56 |
| 13 | શેર દીઠ આવક (પ્રત્યેક ₹2) (ચાલુ અને બંધ થયેલ કામગીરી માટે) - બેઝિક (₹માં) ડાયલ્યુટેડ (₹માં) | 4.19 | 2.34 | 14.06 | 3.76 | 2.29 | 15.18 |
| 14 | મૂડી રિડેમ્પશન રિઝર્વ | લાગુ પડતું નથી | | | | | |
| 15 | ડિબેન્ચર રિડેમ્પશન રિઝર્વ | લાગુ પડતું નથી | | | | | |

* ડેબ્ટ એકથી વધુ વર્ષની શેષ મેચ્યુરિટી સાથે ઋણ રજુ કરે છે. **પેઈડ અપ ડેબ્ટ કેપિટલ / બાકી ડેબ્ટ બેન્ક દ્વારા જારી ટિયર-1 અને ટિયર-2 બોન્ડ રજુ કરે છે.

નોંધઃ

1) ઉપરોક્ત, સેબી (લિસ્ટીંગ ઑબ્લિગેશન્સ ઍન્ડ ડિસ્ક્લૉઝર રિક્વાયરમેન્ટ્સ) વિનિયમન, 2015 ના વિનિયમન 33 અને 52 હેઠળ સ્ટૉક એક્સ્ચેંજમાં દાખલ કરેલા પૂરા થયેલ ત્રિમાસિક માટેનાં નાણાંકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો સંક્ષિપ્ત ભાગ છે. વિગતવાર પૂરા થયેલ ત્રિમાસિક માટેનાં નાણાંકીય પરિણામો સ્ટૉક એક્સચેંજની વેબસાઈટ www.bseindia.com, www.nseindia.com અને બેંકની વેબસાઈટ www.bankofbaroda.in પર ઉપલબ્ધ છે.

2) સંબંધિત મુદત માટે કર પશ્ચાત ચોખ્ખો નફો/(નુકસાન) માં સહયોગીઓએ નોંધાવેલી આવકનો હિસ્સો સમાવિષ્ટ છે અને તેમાં માઈનોરિટી વ્યાજ સમાવિષ્ટ નથી.

3) કુલ વ્યાપક આવક અને અન્ય વ્યાપક આવકને લગતી જાણકારી આપવામાં આવી નથી કારણ કે હજી સુધી આઈએનડી એએસ બેંકને લાગુ કરાવવામાં આવેલ નથી.

સ્થળ : મુંબઈ
તારીખ : 30.07.2022

જયદીપ દત્તા રાય, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | દેબાદત્ત ચાંદ, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | વિક્રમાદિત્ય સિંહ ખીચી, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | અજય કે. ખુરાના, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | સંજીવ ચઢ્ઢા, મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ